# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૦ તા.૧૫-૦૭-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- આરોગ્ય વિભાગ દ્વારા યોજવામાં આવેલ વાહકજન્યરોગ અટકાયતીના પગલા સ્વરૂપે માર્ગદર્શન સેમિનારમાં ઉપસ્થિત રહેવા બાબત

સંદર્ભ :- હેલ્થ મધ્યઝોન કચેરી ઈ.નં.૩૦૧૪ તા.૧૫-૦૭-૨૩નો અમ.મ્યુ.કોર્પો. આરોગ્ય ખાતાનો પત્ર.

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, મચ્છરજન્ય રોગો જેવા કે મેલેરિયા,ડેન્ગ્યુ,ચિકનગુનિયા વગેરે અટકાવવા તથા ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૩૦ સુધીમાં મેલેરીયા મુકત અભિયાનને સાર્થક કરવા માન.મ્યુનિ.કમિશનરશ્રી,અ.મ્યુ.કો.ની સૂચના અનુસાર સ્કૂલ બોર્ડના શિક્ષકોને વાહકજન્યરોગ અટકાયતીના પગલાં તથા મચ્છર નિયંત્રણની કામગીરી અંગે જાગૃત કરવા તાલીમ કમ સેમિનારનું આયોજન નીચે જણાવેલ સ્થળે, સમયે અને તારીખે કરવામાં આવેલ છે. સદર માર્ગદર્શક તાલીમમાં તમામ શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓએ જણાવેલ સમયે અચૂક ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| તારીખ | : | તા.૧૭-૦૭-૨૦૨૩/ સોમવાર |
| સ્થળ | : | ટાગોર હૉલ, પાલડી,અમદાવાદ |
| સમય | : | ૧૧-૦૦ કલાકે |

તા.૧૫-૦૭-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી